

સમસ્ત ખરક જ્ઞાતિનું ઇ-માસિક પત્ર

# ખરક સમાજ દર્પણ

તંત્રી આનંદ સેતા

કાર્યાલય : ૩૭, મહાલક્ષ્મી, વી.ટી. નગર - મહુવા ૩૬૪ ૨૯૦

kharaksamajdarpan@gmail.com 99254 87956

વર્ષ : ૧ | જાન્યુઆરી - ૨૦૨૧ | અંક : ૧


## તંત્રી સ્થાનેથી



સુજ્ઞ જ્ઞાતિજનો
હેપી ન્યુ ઈયર. નમસ્કાર
ઘણા સમયથી જ્ઞાતિપત્ર શરૂ કરવાના "ઊકરાટા" આવતા હતા. વચ્ચે એક બે મિત્રોને સાથે રાખી પ્રયત્ન કર્યા પણ સંઘ કાશીએ ન પહોચ્યો. હવે જયારે પ્રિન્ટીંગ વધુ ખર્ચાળ થતું જાય છે. અને ડિજિટલ માધ્યમો પ્રબળ બનતા જાય છે ત્યારે હાર્ડ કૉપીના બદલે સૉફ્ટ કોપી દ્વારા આપ સૌને નિયમિત મળવાનું વિચાર્યુ છે. આશા છે કે આપ સૌ તેને આવકારશો.

ખરક સમાજ દર્પણમાં દર મહિને જ્ઞાતિ સમાચારો જેવા કે પ્રવૃત્તિ અહેવાલ, સંસ્થા પરિચય, વ્યક્તિ વિશેષ, ગામ વિશેષ તથા લગ્નનોંધ, જન્મ મરણ, શ્રધ્ધાંજલિ, અભિનંદન, વેવિશાળ, ધાર્મિક, સામાજિક કે શૈક્ષણિક કાર્યકમની ફોટા સાથેની વિગતો, જ્ઞાતિ ગૌરવ વગેરે આપવામાં આવશે આ ઉપરાંત બાળકો માટે બાલ-દર્પણ બહેનો માટે નારી દર્પણ તથા વિદ્યાર્થી માટે વિર્ધા-દર્પણ જેવા વિભાગો ઉપરાંત કોઈ ખાસ પ્રસંગે ખાસ વિશેષાંકો પણ આપવામાં આવશે. આ બધા વિભાગો માટે લેખ, કવિતા અહેવાલ અને માહિતી મોકલવા આપ સૌને આમંત્રણ છે. ખરક સમાજ દર્પણમાં હંમેશા રચનાત્મક, બિનવિવાદાસ્પદ અને પોઝિટીવ વાતો જ પ્રગટ કરવામાં આવશે.

ખરક સમાજ દર્પણ જ્ઞાતિ મિત્રો પાસેથી કોઈ લવાજમ, દાન, ફંડ કે ફાળો સ્વીકારતું નથી. ન અપેક્ષા ન ઉપેક્ષા ના ભાવ સાથે ચાલતું આ પત્ર એ કોઈ વ્યવસાય નથી તેમ સેવા પણ નથી, પરંતુ નિજાનંદની આત્મનિર્ભર પ્રવૃત્તિ છે. જ્ઞાતિપત્રમાં જ્ઞાતિમિત્રો સ્વૈચ્છિક રીતે જાહેરાત આપી શકે છે. જેની આવકમાંથી ખરક સમાજ દર્પણ લાંબુ ટકે અને નભે એવો ભાવ છે, અને એવી વ્યવસ્થા છે.


ગામે ગામે પ્રતિનિધિની જરૂર છે. જે મારું ગામ, મારી વાત કહેવા માંગતા હોય તેવા મિત્રો વૉટ્સઍપ દ્વારા પોતાનું નામ, ગામ, ફોટો , વૉટ્ઍપ નં. ૯૯૨૫૪૮૭૯૫૬ ઉપર તુરંત મોકલી આપો.

હાલ ૨૦૨૧ ના વરસ દરમ્યાન વર્ષમાં ૧૦ ડિઝિટલ અંક તથા એકાદ વિશેષાંક આપવાની ધારણા છે. ભવિષ્યમાં સૌનો સાથ મળી રહે, ડિઝિટલના બદલે અંકનું પ્રિન્ટીંગ સ્વરૂપ પણ આપી શકાય-તેમ બને. ચાલો નવું વરસ સૌ માટે આરોગ્યપ્રદ અને સુખાકારી આપનારુ બની રહો તેવી પ્રભુપ્રાર્થના.
અંતમાં

*Positive actions lead to*
*positive response.*

- આનંદ સેતા (મહુવા)

## આપણો વારસો અને વૈભવ : લોટી નાળિયેર



અન્ય જ્ઞાતિની સ્ત્રીઓ પાસેથી મોતીકામ શીખી ખરક જ્ઞાતિની યુવા બહેનોએ ઈંઢોણી, બટવો બળદ શણગારમાં પણ મોતી કામ કરેલ છે. ૧૭ની સદી માં શરૂ થયેલું મોતીકામ ૧૯ની સદી આવતાં લુપ્ત થઈ ગયું. કારણકે મોતી ઈટાલીથી મંગાવવામાં આવતાં તે વધું મોંઘા થતાં આમ બન્યું. શણગારેલ લોટી, નાળિયેર લઈ લગ્નમાં વરરાજાનું અને જાત્રા કરી આવેલ વડીલોનું સ્વાગત કરવામાં આવતું જેને શુકન ગણવામાં આવે છે.

## સમસ્ત ખરક સમાજ સમિતિ



શ્રી ભરતભાઈ નાથાભાઈ ઠંઠ - તળાજા
પ્રમુખશ્રી - મો. ૯૪૨૬૨ ૪૬૪૯૮



શ્રી શૈલેષ અરજણભાઈ સેંતા -મહુવા
ઉપપ્રમુખશ્રી- મો. ૯૩૭૪૧ ૭૫૩૭૫



શ્રી શામજીભાઈ સોંડાભાઈ સોલંકી-વડલી
મંત્રીશ્રી મો. ૯૮૨૫૫ ૬૦૫૮૦



શ્રી શ્યામભાઈ માવજીભાઈ ઠંઠ - મહુવા
પ્રમુખ(વ્યાવહારિક સમિતિ) મો. ૯૯૨૫૯ ૪૩૯૩૨

### કારોબારી સભ્યશ્રીઓ.

હરજીભાઈ ઓધાભાઈ ભુત (તળાજા) ૯૪૨૯૭ ૦૯૨૬૪
જયેશભાઈ ઓધડભાઈ સેંતા (મહુવા) ૯૪૨૭૭ ૫૨૫૮૮
ગોબરભાઈ ખાટાભાઈ ઠંઠ (ખંઢેરા) ૯૭૨૭૬ ૮૮૩૧૧
પ્રેમજીભાઈ જીવાભાઈ ખીમાણી (ભુંભલી) ૯૯૭૯૨ ૦૬૫૮૧
મગનભાઈ માધાભાઈ પટેલિયા (મોરંગી) ૯૪૨૮૧ ૯૧૫૨૫
ભૂપતભાઈ વાલજીભાઈ કંસારા (ભીંકડા)૯૮૨૪૬૪૨૮૯૫
પ્રગજીભાઈ નારણભાઈ કામળિયા (પીથલપુર) ૯૮૯૮૧૭૯૯૭૯
ભીમજીભાઈ માધાભાઈ ટાઢા(ઠળિયા) ૯૪૨૭૨૮૦૭૧૮
સવજીભાઈ છગનભાઈ ઠંઠ (મહુવા )૯૦૯૯૫૧૫૨૦૦
કાનજીભાઈ નાનજીભાઈ કોરડિયા (કુંભણ) ૯૯૧૩૯૨૧૩૬૦
માધાભાઈ રાઘવભાઈ ઢેઢી (ભુંભલી)૯૮૨૫૮૫૭૨૮૧
વિનુભાઈ કેશવભાઈ ખોડીફાડ (મહુવા)૭૫૬૭૩૪૬૧૮૧

## વંદના



ઉચડીના હનુમાન

### તે અંધ છે....

શાણા સુણોને વિનંતી, વ્યવહારના એ ફંદ છે.
જાણ્યા વિનાના જગતમાં, છતે નેત્રે અંધ છે.
દીકરી દેવાય નહી, વર-ઘર જોયા વિના
તે છતાં નહી જોવે, તેં છતે નેત્રે અંધ છે.
પાસે ધન મળે નહી, વેપાર જબરો આદરે
શાહવટ શાખા ગુમાવે, તેં છતે નેત્રે અંધ છે.
ઘરપત બધી જતી રહી, કોધ દિલમાં આવિયો
બોલી બગાડે બે ઘડીમાં, તેં છતે નેત્રે અંધ છે.
માળા તો કરમાં ધરી, ભાવથી ભક્તિ કરી
તોય હણ્યો નહી કામને, તેં છતે નેત્રે અંધ છે.
કર જોડી વદતો વાલજી, વાકેફ થાજો વીરલા
વ્યવહારમાં શાણા થજો, છેલ્લી મારી અર્જ છે.

**સ્વ. વાલજીભાઈ ભવાનભાઈ કામળિયા (રાણીવાડા)**


નિલકંઠ
એસ્ટેટ & બ્રોકર
જયસુખ આર.સેંતા
૯૯૦૯૪૭૧૩૩૮

# NEET - 2020
## ખરક સમાજના તેજસ્વી તારલાઓ



સેતા ધાર્મિક છગનભાઈ રૂડાભાઈ
(૬૨૨) ભાવનગર
મો. ૯૯૭૯૪ ૨૫૨૩૩



વળિયા વિવેક કાળુભાઈ જેઠાભાઈ
(૬૧૦) તરેડ (સુરત)
મો. ૯૯૭૯૦ ૧૪૬૭૬



કામળિયા જયમીન આનંદભાઈ તેજાભાઈ
(૬૦૬) રાણીવાડા(વાપી)
મો.૯૪૨૬૦ ૭૬૫૯૭



સોલંકી સાગર વિઠ્ઠલભાઈ જોધાભાઈ
(૫૮૩) દેવલી
મો. ૮૫૩૦૪૩૦૬૩૬



વાયક કૌશિક ભૂપતભાઈ શામજીભાઈ
(૫૮૩) ભાદ્રોડ
મો. ૯૩૨૮૬ ૭૯૦૨૯



હજારિયા વૈભવ અશોકભાઈ માધાભાઈ
(૫૭૯) ત્રાપજ
મો. ૯૪૨૯૨ ૩૦૭૨૨



ખોડિયાડ અંકિત સવજીભાઈ વેલજીભાઈ
(૫૭૯) મહુવા
મો. ૯૭૨૩૦ ૨૬૦૮૧



વળિયા રાહુલ નારણભાઈ લાખાભાઈ
(૫૭૯) તણસા
મો. ૯૩૧૬૬ ૩૬૨૬૫



સેંતા નિકુંજ જીવરાજભાઈ કાનાભાઈ
(૫૭૬) ભુંભલી
મો. ૯૦૩૩૯ ૭૯૭૩૫



સેંતા ઘનશ્યામભાઈ વલ્લભાઈ ડાયાભાઈ
(૫૭૫) દાઠા
મો. ૯૦૯૯૭ ૯૭૧૭૯

### અભિનંદન



**મિતુલ જયસુખભાઈ સેંતા – મહુવા**

ધો. ૧૨ ૯૭.૪૩ ગુજગેટ : 98.80 PR નીટ : 529/720

આનંદભાઈ સેતા (તંત્રીશ્રી : ખરક સમાજ દર્પણ)    પુરુષોત્તમભાઈ કાપડિયા (નિવૃત શિક્ષકશ્રી)

# સંસ્થા દર્પણ
## શ્રી ખરક વેપારી એસોસીએશન-મહુવા



મહુવા ખરક જ્ઞાતિ વેપારીઓના વિકાસ સાથે કામ કરતી શ્રી ખરક વેપારી એસોસીએશન મહુવા સંસ્થા સંગઠન માર્ગદર્શન અને પરસ્પર સહયોગના ધ્યેય સાથે વર્ષ ૨૦૧૫ થી કાર્યરત છે. પ્રથમ પ્રમુખ તરીકે **કાનજીભાઈ એમ. વળિયા** એ ચાર વરસ નિષ્ઠાપૂર્વક કામ કરી સંસ્થાનો છોડ વાવેલ અને તા.૦૯-૦૧-૨૦૧૯ થી આ સંસ્થાનું સુકાન **જયસુખભાઈ આર. સેતા**એ સંભાળેલ છે. આજે આ સંસ્થા ૬૦૦ સભ્યો સાથે વટવૃક્ષ બન્યું છે. આ સંસ્થા છેલ્લા બે વરસમાં અનેકવિધ પ્રવૃતિ દ્વારા એસોસીએશન ને વધુ મજબુત બનાવેલ છે. જેમાં ૨૦૧૯/૨૦ દરમ્યાન નીચે મુજબની યશસ્વી કામગીરી કરેલ છે.

**શહીદોને શ્રધ્ધાંજલિ**

પુલવામાંના આંતકવાદી હુમલામાં શહીદો થયેલ જવાનોને સોનાવાલા બાગ ખાતે શ્રધ્ધાંજલી કાર્યક્મ રાખી શહિદ થયેલ જવાનોના પરિવાર ને જ્ઞાતિ દ્વારા રૂા. ૧,૫૨,૨૧૭/- નો ચેક શહિદ સૈનિક પરિવાર સહાય ટ્રસ્ટ ભાવનગરને તા ૧૬/૩/૧૯ ના રોજ અર્પણ કરેલ.

**કારોબાર સભ્યોની ટુર**

તા ૧૩/૪/૧૯ ના રોજ એસોસીએશનના કારોબારી સભ્યો દ્વારા શ્રીભુરખિયા હનુમાન તથા ડોલી વોટર પાર્ક (બાબરા) ની સફળ ટ્રીપ કરાવામાં આવી.

**યોગ શિબિર**

સ્વંય સ્વસ્થ બનો અભિયાન મુંબઈ અન્વયે યોગ અને પ્રાકૃતિક જીવન જાગૃતિ શિબિર તા ૧૩/૪/૧૯ થી ૧૯/૬/૧૯ દરમ્યાન સોનાવાલા બાગ માં રાખવા માં આવેલ જેમાં ગીતાબેન તથા ડાૅ. દિપકભાઈ જાની દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું. જેમાં ૨૦૦ થી વધુ લોકોએ લાભ લીધો.

**મુગ્ધા સેમિનાર**

ખરક સમાજ-મહુવા દ્વારા આયોજન કરવામાં આવેલ મુગ્ધા સેમિનારમાં પણ એસોસિયેશનને પુરતો સહકાર આપેલ.

**રાહતદરે થેલી વિતરણ**

સંસ્થા દ્વારા માત્ર ૧ રૂપિયાના ટોકન ભાવથી જ્ઞાતિજનોને કાપડની થેલીનું વિતરણ તા. ૨૨/૧/૨૦ ના રોજ કરવામાં આવેલ.

**રકતદાન શિબિર**

તા ૧૬/૨/૨૦ના રોજ શ્રી મહુવા ખરક જ્ઞાતિ સમુહ લગ્ન સમારોહ નિમિત્તે એસો દ્વાર બ્લ્ડ ડોનેશનનું આયોજન કરવામાં આવેલ. જેમાં ૧૨૧ બોટલ રકતદાન કરાવામાં આવેલ જે ગૌરવપ્રદ ઘટના છે.

**સ્નેહ મિલન ૨૦૧૯**

આજ આવ્યો અવસર અમ આંગણે આનંદના ભાવ સાથે સમગ્ર વેપારી મિત્રોનું સ્નેહ મિલન તા ૯/૧૧/૧૯ ના દિને રખાયું. જેમાં જાણીતા મોટિવેશન સ્પીકર **શૈલેષ સગપરિયા** દ્વારા માનવીય સંબંધોનું બિઝનેસમાં મહત્વ વિષય ઊપર વકતવ્ય રખાયું. આ પ્રસંગે યોજાયેલ ભોજન સમારંભના મુખ્ય દાતા શ્રી વિઠ્ઠલભાઈ કોરડિયા તથા ઘનશ્યામભાઈ કોરડિયા બનેલ. કાર્યકમ ખુબ જ સ-રસ બન્યો.

**કોવિડ-૧૯**

મહામારીની કપરી વેળામાં ગરીબ પરિવારોને અનાજ કીટ અને ફુટ પેકેટ નું વિતરાણ સમગ્ર મહુવા શહેર તથા તાલુકામાં કરવામાં આવેલ જેમાં વેપારી એસોશિએશનના સભ્યોએ તનમન અને ધન થી સહકાર આપેલ છે.

શ્રી ખરક જ્ઞાતિ વેપારી એસોશિએશનના હાલ ના હોદેદારો આ મુજબ છે.

| | |
|---|---|
| પ્રમુખઃ જયસુખ આર. સેતા | સહમંત્રી:જગદીશ પટેલિયા |
| મંત્રીઃ વિનોદ ખોડીફાડ | ખજાનચી:હિમંતભાઈ સોલંકી |
| ઉપપ્રમુખ :સી.કે.ટાઢા | સહખજાનપી:મુકેશ જે.કાપડિયા |

**સંસ્થા સંપર્ક : ૯૯૦૯૪૭૧૩૩૮**

# અવસર દર્પણ

**શુભ ઉદ્દ્ઘાટન**

**ભાવનગર ડેન્ટલ એન્ડ ઇમ્પ્લાન્ટ હોસ્પીટલ**

**ડૉ. ઉત્તમ વી. પરમાર** (B.D.S.M.D.S.) નું શુભ ઉદ્દ્ઘાટન તા. ૩/૧/૨૦૨૧ના રોજ કરવામાં આવ્યું.

સ્થળઃ ૐપ્લાઝા ની સામે,રામમંત્ર મંદિર પાસે લખુભા હોલરોડ – ભાવનગર M. 8949706317

**શુભ વેવિશાળ**



ભોજાણી ઉમંગભાઈ રત્નાભાઈ (ભાવનગર) નું શુભ વેવિશાળ વળિયા સેજલબેન મનજીભાઈ રાળગોન(હાલ વડોદરા) સાથે તા.૨૩/૭/૨૦૨૦ ના રોજ થયેલ છે.

**નિમણુંક**



ડાૅ.રવિભાઈ ગણેશભાઈ ટાઢા (ભાવનગર) (M.B.D.ORTHO) ની ફેલોશીપ ઈન જોઈન્ટ રિપ્લેસમેન્ટ તરીકે આશીર્વાદ ઓર્થોપેડિક સુપર સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલ-વાપી (વલસાડ) ખાતે તા.૧૦/૧૨/૨૦૨૦ ના રોજ છે.

**ગૃહ પ્રવેશ (વસ્તુ પુજન)**

મહુવા નિવાસી કાનજીભાઈ લક્ષ્મણભાઈ કોરડિયા તથા **અશોકભાઈ કાનજીભાઈ કોરડિયા** (સાયકલ મોલ)ના નવા મકાનનું વાસ્તુ તા. ૨૧/૧૧/૨૦ ના રોજ રખાયું.

સરનામું : આશિયાના ૪૫ ગુજરાત સોસાયટી બાવળિયા હનુમાનની બાજુમાં મહુવા મો. ૯૪૨૮૮૫૬૨૨૨

**અભિનંદન**



સમસ્ત ખરક જ્ઞાતિના વ્યવહારિક સમિતિના પ્રમુખશ્રી **શ્યામભાઈ માવજીભાઈ ઠંઠ** ની ગુજરાત જન અધિકાર મંચ માં મહુવા તાલુકાના પ્રમુખ તરીકે વરણી થયેલ છે.

**અભિનંદન**



ભદ્રાવળ-૩ના રહીશ તળાજા તથા તલાલા(ગીર) માં વિસ્તરણ અધિકારી તરીકે કામગીરી કરનાર હોમિયોપેથિક ડૉ. લાખાભાઈ કૂચાએ તાજેતરમાં ગુજરાત સરકારમાં જી.પી.એસ.સી. દ્વારા લેવાયેલ સ્ટેટ ટેક્સ ઈન્સ્પેકટર ની પરીક્ષામાં જ્વલંત સફળતા મેળવી જ્ઞાતિ તથા ગામનું ગૌરવ વધારેલ છે.

**અભિનંદન**



મહુવાના વતની હાલ બેંગ્લોર નોકરી કરતાં વલ્લભાઈ ગણેશભાઈ ખોડીફાડના પુત્ર **કૌશલ વી. ખોડિફાડ** તાજેતરમાં હાર્વડ યુનિ. માં એક્ઝામ High Honors સાથે પાસ કરી. બિઝનેસ તથા ઈન્વેસ્ટ ક્ષેત્રમાં સફળ થવા અંગે અભ્યાસ કર્યો.



**માર્ગદર્શક**

જે વિદ્યાર્થી MBBS કે કોઈપણ કોલેજમાં ઉચ્ચ અભ્યાસ માટે ગુજરાત સરકારની શૈક્ષણિક લોન રૂા. ૧૦ લાખ લેવા ઈચ્છતા હોય તેમને **ફ્રી માર્ગદર્શન** અને ફોર્મ ભરવાની વિધિ સુરતના **શ્રી કેશવભાઈ ઘુસાભાઈ ઢેઢી** ફોન નં. ૯૩૨૧૪૯૩૫૭૪ નો સંપર્ક કરવો.

# ખરક જ્ઞાતિ : તેજસ્વી જીવન ધારણા



સાદું જીવન ને ઉચ્ચ વિચારને વરેલી આપણી જ્ઞાતિમાં ઘણી વિશેષતાએ છે પણ આપણામાં રહેલ આ છ-ગુણ (છગન) મુખ્ય છે.

**(૧) અસ્મિતા**

આપણાપૂર્વજોનું જીવન અસ્મિતા યુકત હતું. કોઈનો તિરસ્કાર સહન ન કરતાં કોઈનો ફેકેલો ટુકડો ન ઉપાડતાં. ઉજ્જૈનમાં પર્યુષણપર્વ નિમિત્તે રખાયેલા જમાણવારમાં -ખરહંકા કહીને બોલાવ્યા ત્યારે આખા સમુહે જમણના નોતરાનો અસ્વીકાર કર્યા આજે પણ મને મફતનું ન ખપે, મહેનત કે કમાણીથી જ મેળવીશ. મજુરી કરી જીવશે પણ કોઈની દાઢીમાં હાથ નહીં નાખે આ આપણી ખરી અસ્મિતાછે.

**(૨) કૃતજ્ઞતા**

કોઈના ઉપકાર કે પ્રેમને ન ભૂલવો તે આપણા લોહીમાં છે. પ્રભુ પર અતુટ શ્રધ્ધા છે, કોઈના લીધેલા નાણાં અને દીધેલા કોલ થી કયારેય મોઢું ફેરવવતો નથી.

**(૩) પુરુષાર્થ**

જાત મહેનત ઝીંદાબાદમાં માનનારા આપણાં જ્ઞાતિબંધુ સખત કામથી કયારેય થાક્યો નથી. એના પુરુષાર્થના ગુણના કારણે જ ભાવનગરના રાજવીઓનો લાડલો રહેલો. ખરક શબ્દમાં પણ ખરા હૃદયથી પ્રમાણિકપણે કામ કરનારનો અર્થ છુપાયેલ છે.

**(૪)પરોપકાર**

ખરકની ખાનદાની વખાણાતી આવી છે.ખાન-ખાધે પીધે સુખી અને દાનો-બીજાનો વિચાર કરી દાન આપનાર ખેતરના ખળેથી જ બ્રાહ્મણ, લુહાર, મોચી, વાળંદ, દરજી, સાધુનો ભાગ કાઢી આપનાર ખરક જ્ઞાતિમાં પરોપકારવૃત્તિ આજે પણ અકબંધ છે.

**(૫) બુદ્ધિનિષ્ઠા**

ગમે તેવી પ્રતિકુળપરિસ્થિતિ વચ્ચે પણ પોતાની બુદ્ધિ માં ઉતરે તે જ ઉપાડે તે ખરક જ્ઞાતિ, કયારેય ગાડરિયા વાહ ની જેમ બીજાને અનુસરનારી નથી. બધામાંથી સારું લઈને અને સ્વબળે આગળ વધતી રહેલી છે.

**(૬) નિરહંકારીતા**

આપણી જ્ઞાતિમાં સાદાય સરળતા અને અહંકાર વગરનું જીવન જોવા મળે છે. કપડાં કે ચાલ ઉપરથી પૈસાદાર કે ગરીબની ખબર ન પડે કારણ કે મોજશોખ કે ખોટો દેખાડો કરવાનું આપણી જ્ઞાતિમાં જોવા મળતું નથી. આમ આપણી જ્ઞાતિના મુખ્યતઃ છ ગુણો આંખે વળગે તેવા છે. તેથી તો મને લાગે છે કે આપણામાં છગન નામ ઘણા જોવા મળે છે.

**- નાથાભાઈ વાયક (અમદાવાદ)**

## શિક્ષણ



મહુવા વતની હાલ અમદાવાદ (બાપુનગર) સવોર્દય વિધાલય આચાર્ય શ્રી ભરતભાઈ એલ. સેતા (B.SC.M.Ed) ગણિત વિષયના ૧૬ વરસના અનુભવી તજજ્ઞ છે. તેમાણે મેજિક મેથ્સ૧-૨ પુસ્તકો પણ પ્રગટપ કરેલ છે. પ્રથમ વરસે જ શાળા નું પરિણામ ૯૪ ટકા લાવી આચાર્ય તરીકે યશસ્વી થયેલ છે. કોરોના કાળ માં વિધાર્થી ઓનું ગણિત શિક્ષણ ન બગડે તે માટે યુટયુબ ચેનલ દ્વારા ડિજિટલ કલાસ શરૂ કરેલ છે. જેના આજે ૨,૫૦,૦૦૦ વ્યુવર છે. મોજિક મેથ્સ વિષય ઉપર તેમણે અનેક શાળાઓમાં સેમિનાર પણ કર્યા છે. તેમના સંતાન વત્સલ(૧૬) ધો.૧૧ જ્ઞાનમંજરીમાં તથા આકાંક્ષા (૧૪) ધો.૧૦માં સર્વોદય સ્કુલમાં અભ્યાસ કરે છે. તે બંને એ નવોદય પરીક્ષા પણ પાસ કરેલ છે. આપ પણ આપના સંતાનને સરસ ગણિત શિક્ષણ આપવા ઈચ્છતા હોતો તેમની Magic math by senta sir નામ ની યુ-ટ્યુબ ચેનલ ની નીચેની લીંક સાથે જોડાઈ જશો.

મો.નં. ૭૬૯૮૬૩૫૦૫૦

https://youtube.com/channel/UCUum9u4fdWpbP-mS6kFHo_w

## જ્ઞાતિ દીવડા
## સ્વ. ગકૂલભાઈ કેશવભાઈ સેંતા -ભાવનગર



***જે માણસ સોનાની જેમ ચમકતો હોય તે પોતાની જિંદગીમાં ઘણું ઘસાયો હોય છે.*** - શ્રી ગકુલભાઈ નું જીવન જ્ઞાતિ માટે ખૂબ ઘસાયું છે તેથી તેમને યાદ કરી સ્મરણાંજલિ પાઠવી એ છીએ.

ગકુલભાઈ કેશવભાઈ સેંતા (૧૧/૫/૪૫-૧૪/૧૧/૨૦૧૪) નો જન્મ ભુંભલી ગામે બહોળાં પરિવારમાં થયેલો. નાનપણથી જ ઘરની નબળી પરિસ્થિતિમાંથી બહાર નીકળવા અભ્યાસ કર્યો અને સૌની જવાબદારી પોતાના શિરે લઇ કુટુંબભાવના દાખવી. તેમણે ભુંભલી ખાતે પ્રાથમિક શિક્ષણ લઇ મહુવા ખરક બોર્ડીંગમાં અભ્યાસ કરેલો.

૧૯૬૫માં તલાટી કમ મંત્રી તરીકે નોકરી શરૂ કરી સતત ૩૭ વર્ષ નિષ્ઠાપૂર્વક અને સૌના પ્રિય બની રહી પરોપકાર ભાવથી કામ કર્યુ. જ્ઞાતિ પરિવાર કે પછી પોતાના કાર્યક્ષેત્ર માં સૌ તેની સલાહ વગર કામ ન કરતું તે તેમની આગવી સુઝ અને વસુધૈવકુટુંબની ભાવના દર્શાવે છે. નિવૃત્ત થયા પછી તેઓએ PNR સોસાયટીમાં ૧૧ વરસ સુધી ફિલ્ડ ઓફિસર તરીકે ઊમદા સેવાકાર્ય કર્યુ.

જ્ઞાતિના કામમાં તેઓ હંમેશા સૌથી આગળ રહેતા ભાવનગરમાં જ્ઞાતિ મંડળની કામગીરી, ફંડ-ફાળા વસ્તી કે પછી છાત્રાલય બાંધકામ વગેરેમાં તન, મન અને ધનથી કામ કર્યુ. નિસ્વાર્થ નેતૃત્ત્વ પુરું પાડી નામ નહીં કામને જ પ્રાધાન્ય આપી દરેકના લાડકાં બન્યા. જ્ઞાતિમાં નાણા ધીરનાર મંડળીની કામગીરી કરી ભાવનગર વસવાટ કરનાર ભાઈઓને આર્થિક ટેકો મળી રહે તે હેતુથી કામ કરતું મંડળ આજે પણ સફળ રીતે કાર્યરત છે.

કુમાર છાત્રાલય-ભાવનગર ના ટ્રસ્ટી, મંત્રી તરીકે તેમણે કેળવણી જયોતથી વધુ ને વધુ ગામડા ઓને પ્રજવલિત કર્યા અને છાત્રાલયમાં પણ માળખાગત સુવિધા વધારી. આ ઉપરાંત કન્યાઓની કેળવણી માટે મિત્રો સાથે મળી કન્યા છાત્રાલય પણ ઊભું કર્યુ.

જ્ઞાતિના કામમાં ભવાનભાઈ કંસારા, મોહનભાઈ વળિયા લક્ષ્મણભાઈ ઠંઠ, નાનજીભાઈ કોરડિયા તથા આર.એસ.વળિયા સહીતના જ્ઞાતિબંધુ ઓ સાથે મળી જ્ઞાતિ વિકાસના કામ કર્યા. તેઓ સૌ સાથે મળી જ્ઞાતિ ની વાડી બનાવી જે તેમના જીવનનું શિરમોર કાર્ય ગણાય તે ઉપરાંત ૨૦૧૪માં ભાવનગર પરિવાર દર્શન નામે ૪૦૦ પરિવારની માહિતી પુસ્તિકા રૂપે પ્રકાશિત કરી.

વળી ૨૦૦૪માં ભાવનગર ખાતે પ્રથમ સમુહ લગ્નનું સફળ આયોજન કર્યુ-ને જ્ઞાતિને નવો રાહ ચીંધ્યો.

માત્ર જ્ઞાતિ માટે જ નહીં દેવરાજનગર-રનારહીશ તરીકે વરસો સુધી સોસાયટીના પ્રમુખ તરીકે સેવા આપી સોસાયટીના બધા કામ પરિવાર ભાવથી પાર પાડયા અને પરબતેશ્વર મહાદેવ શિવાલય નું નિર્માણ કાર્ય પાર પાડયું.

જ્ઞાતિ માટે જે ઘસાઈને ઉજળાં થયા હોય તે સૌને યાદ કરવા તે જ્ઞાતિજનોની કૃતજ્ઞતાછે.

- વિપુલ જી. સેંતા (મહુવા

## મૃત્યુ નોંધ

ભંડારિયા સ્વ.પાંચાભાઈ નરશીભાઈ સેંતા (ઉ.વ.૭૫) તા. ૧/૧૨/૨૦

કુંભણ (વસઇ) સ્વ. વેલજીભાઈ દામજીભાઈ કુચા (ઉ.વ. ૭૨) તા. ૭/૧૨/૨૦

વાળુકડ સ્વ. સુરાણી મોહનભાઈ જસમતભાઈ તા.૬/૧૨/૨૦

મોરંગી (અમદાવાદ) સ્વ. સુરાણી રવજીભાઈ હામાભાઈ (ઉ.વ. ૬૯) તા. ૪/૧૨/૨૦

સાંખડાસર-૨. સ્વ. ચિથરભાઈ ભગવાનભાઈ વળિયા (ઉ.વ. ૭૦) ૧૧/૧૨/૨૦

વાળુકડ (જીજીનું) સ્વ. રમેશભાઈ જગાભાઈ પટેલિયા (ઉ.વ. ૪૨) તા.૧૫/૧૨/૨૦

નેપ સ્વ. ઓધવજીભાઈ નાગજીભાઈ વાળાકી (૬૪) તા. ૧૬/૧૨/૨૦

ખંઢેરા સ્વ. ખાટાભાઈ નરશીભાઈ પટેલિયા (ઉ.વ. ૮૨) તા. ૧૬/૧૨/૨૦

નેપ(મહુવા) સ્વ. નારાયણભાઈ વાળાકી (૮૩) તા. તા. ૨૧/૧૨/૨૦

સાંખડાસર-૨ સ્વ. ભગવાનભાઈ હરજીભાઈ ઠંઠ (ઉ.વ. ૬૭) ૨૪/૧૨/૨૦

લાખણકાડેમ (સુરત) સ્વ.શારદાબેન બાબુભાઈ કોરડીયા ( ૫૨) ૨૬/૧૨/૨૦

મહુવા સ્વ. ઘુસાભાઈ પુનાભાઈ ઠંઠવળિયા (૭૦) તા. ૨૭/૧૨/૨૦

બોરડા(વાલીવ) સ્વ.વંશ પુરુષોત્તમભાઈ ચભાડીયા(૮ માસ) ૨૭/૧૨/૨૦

ઠળિયા સ્વ. કાશીબેન નરશીભાઈ ટાઢા (૭૦) તા.૩૧/૧૨/૨૦

મહુવા સ્વ. દામજીભાઈ બાલાભાઈ સેતા (૭૫) ૨/૧/૨૧

પીથલપુર સ્વ. પાંચીબેન હરિભાઈ કુચા (૧૧૧) તા. ૪/૧/૨૧

મહુવા સ્વ. હરિબેન પુરુશોત્તમભાઈ ઠંઠ ભાલરિયા (૯૫) તા. ૫/૧/૨૧

ભાદ્રોડ સ્વ. કડવીબેન મગનભાઈ સેતા (૧૦૨) તા.૬/૧/૨૧

દેવલી સ્વ. રંભાબેન જોધાભાઈ સોલંકી (૮૦) તા.૦૭-૦૧-૨૧

માળવાવ-મહુવા સ્વ. ઉજીબેન નારણભાઈ વાળાકી (૧૦૦) તા. ૧૦-૧-૨૧

## આવકાર




**વૃદ્ધોપનિષદ**

સિનિયર સિટીઝન (નિવૃત્ત) લોકોને ખાસ વાંચવા અને વસાવવા લાયક પુસ્તક વૃદ્ધોપનિષદ આપણી જ્ઞાતિના શ્રી **આર.કે.સેતા** (અમદાવાદ) દ્વારા ધર્મ પત્ની **સ્વ. દિવ્યાબહેન** ના સ્મરણાર્થે સ્વ ખર્ચે છપાવી પ્રગટ કર્યુ છે. જે નિવૃત લોકો આ પુસ્તક ફ્રી માં મેળવવવા ઈચ્છે તે **મો. ૯૪૨૮૧૮૧૫૦૧** - પર વોટ્સએપમાં નામ, એડ્રેસ, ફોન નંબર મોકલી આપવો. આપને પુસ્તક ફ્રીમાં પહોંચતું કરાશે.

## સમાચાર દર્પણ

### વાર્ષિક ઉત્સવ -મહુવા



શ્રી મહુવા ખરક જ્ઞાતિ વેપારી એસોસિએશન દ્વારા વાર્ષિકોત્સવ તા. ૦૯-૦૧-૨૦ ના રોજ જાણીતા મોટીવેશનલ સ્પીકર શ્રી **સંજય રાવળ** નું પ્રવચન રખાયું. બહોળી સંખ્યામાં લોકોએ લાભ લીધો. સાથે રક્તદાન શિબિર, કારોબારી મિટીંગ તથા સમૂહભોજન રાખવામાં આવ્યું.

### રક્તદાન શિબિર - તળાજા




સમસ્ત ખરક જ્ઞાતિ તથા સર.ટી. હોસ્પિટલ બ્લડબેંક ભાવનગરના સહયોગથી તા.૨૭/૧૨/૨૦ તળાજા ખાતે મહારક્તદાન શિબિરનું આયોજન કરાયું. જેમાં ૨૦૫ બોટલ રક્ત એક્ત્ર થયું. રક્તદાતાઓને ઈનામ તથા પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરેલ.

## કરલો દૂનિયા મુઠ્ઠી મેં...
### (વિદેશ વસતાં જ્ઞાતિબંધુઓ)



દેશ : યુ.એસ.એ.
નામ : **શૈલેષકુમાર જે.કોરડિયા.**
પિતાઃ જેરામભાઈ લક્ષ્મણભાઈ કોરડિયા (મહુવા)
સંપર્કઃ USA +1-571-635-7083.
India : 91-9970 174711.
અભ્યાસ -M.C.A
વ્યવસાય : સોફ્ટવેર ડેવલપર (IT)
અનુભવ- ૧૬ વર્ષ, ૩ વરસથી અમેરીકા
કંપની - Barclays Bank (આસી.વી.પી)
કંપની એડ્રેસ- ૪૦૦ જેફર્સન રોડ,વ્હપ્ની ,
ન્યુજર્સી. યુ.એસ. એ.

**પરિવાર**

પત્ની : રેખાબેન પુત્રી : આર્ચી(૧૪) પુત્રઃ માનસ (૧૦)

## ગામે ગામ પ્રતિનિધિ



રાજેશભાઈ ભવાનભાઈ કંસારા
(ભાવનગર)
મો. ૭૮૭૮૭૮૭૭૯૯



શ્રી નરેન્દ્રભાઈ વળિયા
(મહુવા- કિસાન સોસાયટી)
મો. ૮૦૦૦૦ ૯૫૪૫૯



શ્રી અશોકભાઈ બાલાભાઈ કુચા
(મુંબઈ-વસઈ)
મો.૯૩૨૦૦ ૩૬૬૨૩



શ્રી કામળિયા હરેશભાઈ લાભાભાઈ
(ભાદ્રોડ )
મો. ૯૮૨૪૮ ૦૧૮૩૨



શ્રી હરેશભાઈ નાગજીભાઈ સેંતા
(સુરત- મોટા વરાછા )
મો. ૯૮૭૯ ૪૧૫૯૭૫



શ્રી ભોળાણી ભાવેશભાઈ મેઘાભાઈ
(ખાટસુરા)
મો. ૮૧૪૦૨૬૦૩૨૭

**જ્ઞાતિપત્ર માં જાહેરાત આપવા કોમલ ન્યુઝ એજન્સી.મહુવા ફોન નં- ૯૦૩૩૩ ૪૮૭૮૨ નો સંપર્ક કરવો.**

